GJVL020072192022

Presented on : 07/10/2022
Registered on : 07/10/2022
Decided on : 09/08/2023
Duration :

# IN THE COURT OF 2nd ADDL. JUDICIAL MAGISTRATE, AT : VALSAD

[ Presided Over by P D DAVE]

**CC/6053/2022**
**Exhibit No.10**

| | | |
|---|---|---|
| ફરીયાદ | – | શ્રી નામદાર સરકાર |
| | | –:વિરૂઘ્ધ:– |
| આરોપી | – | ગંગાબેન કાંતુભાઈ નાયકા |
| રહેવાસી | – | જુજવા ભાઠેવ ફળીયા, તા.જી. વલસાડ |
| તહોમત | – | ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એફ મુજબના ગુન્હા બાબત... |

==================================================

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી એ.એન. મિસ્ત્રી

આરોપી તરફે વિ. વ. શ્રી વી. કે. પટેલ

==================================================

## - : : JUDGMENT : : -

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા પોલીસના

માણસો પ્રોહીબીશન પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આ કામના **આરોપીના ઘરના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં પ્લાસ્ટિકના ડબ્બામાં ગોળ પાણીનું રસાયણ આશરે ૬૦ લીટર જેની કિંમત રૂ.૧૨૦/- નો મુદ્દામાલ** પાસ પરમીટ વગર પ્રોહીબીશન મુદ્દામાલ મળી આવતા, પંચોની હાજરીમાં મુદ્દામાળ કબજે કરી ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની **કલમ-૬૫એફ** મુજબની ફરીયાદ આપતા તે ફરીયાદ નોંધી તપાસ કરનાર અધિકારીએ તપાસને અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ કરેલ.

(૨) ચાર્જસીટ રજુ થતા આરોપીને સમન્સ કરતા આરોપી હાજર રહેલ અને આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી, આરોપી સામે **આંક-૦૪ થી** તહોમતનામું ફરમાવી, આરોપીની **આંક-૦૫** થી આરોપીનું નિવેદન રેકર્ડ કરતા, આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ, જેથી સદર કામ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) સદર કામમાં ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## મૌખીક પુરાવો :-

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ નંબર-૧ દયારામ ગનુભાઈ માંગેલા ની જુબાની | ૦૭ |
| ૨ | પંચ નંબર-૨ કિશોરભાઈ ખુશાલભાઈ ચૌહાણ ની જુબાની | ૦૯ |

## દસ્તાવેજી પુરાવો:-

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું. | ૦૮ |

**ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો રજુ કરવા માંગતા નથી, તેવી મૌખીક રજુઆત કરેલ છે.**

**(૪)** ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીને તેઓની વિરૂધ્ધની હકીકત અને સંજોગો અંગે સમજાવેલ અને તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેઓની સામેના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં એવી હકીકત જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ, અમોએ આવો કોઈ ગુનો કરેલ નથી. અમોને ખોટીર રીતે સંડોવી દઈ અમારા વિરૂધ્ધ ખોટુ ચાર્જસીટ કરેલ છે.

**(૫)** કેસની હકીકતો ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## <u>–: : મુદ્દા ::–</u>

૧. શું ફરીયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીના ઘરના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં પ્લાસ્ટિકના ડબ્બામાં ગોળ પાણીનું રસાયણ આશરે ૬૦ લીટર જેની કિંમત રૂા.૧૨૦/– નો મુદ્દામાલ વગર પાસ પરમીટે રાખી પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

## <u>–: : નિર્ણયો : :–</u>

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–

(૬) ફોજદારી વિધિશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ આરોપી સામેનો આક્ષેપ ફરીયાદપક્ષે નિ:શંકપણે પોતાની રીતે પુરવાર કરવાનો રહે અને જયાં સુધી ફરીયાદપક્ષ પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું કોર્ટે અનુમાન કરવાનુ રહે. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજામાં વગર પાસ પરમીટનો પ્રોહીબીશન મુદ્દામાલ રાખેલ હતો, જે મુદ્દામાલ રેઈડ દરમ્યાન પંચોની હાજરીમાં પંચનમાની વિગતે કબજે કરવામાં આવેલ. જેથી સદર કામે પંચનામુ મહત્વનું બની જાય છે.

(૭) ફરીયાદ પક્ષનો કેસ મુખ્યત્વે રીકવરી પંચનામા ઉપર આધારીત છે, ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૦૮** થી પંચનામુ રજુ રાખવામાં આવેલ. સદર પંચનામાના બંને પંચ સાહેદોને આ કામે તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદ પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવે છે, તે સીવાયની તમામ કાર્યવાહી તમામ કાર્યવાહીનો ઈન્કાર કરે છે. આ પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિ. એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરી અદાલતની મૌખીક પરવાનગીથી ઉલટતપાસમાં કરવામાં આવેલ છે. પરંતુ સદરહું સાહેદ પાસેથી કોઈ પણ ફળદાયી હકીકત ફરીયાદ પક્ષ કઢાવી શકેલ નથી.

(૮) આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન મળી શરે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકાર ધ્વારા રેડીંગ પાટીના પોલીસ સાહેદ સીવાય કોઈના નિવેદન સદર કામે લીધેલ નથી, કોઈ સ્વતંત્ર સાહેદોના નામો ફરીયાદમાં કે ચાર્જસીટમાં જણાવેલ નથી. જે સ્વતંત્ર પંચ સાહેદને તપાસવામાં આવેલ છે, તે પંચ સાહેદ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેઓને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદ પક્ષે તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતા ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ આ સાહેદોની જુબાની ધ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીની પ્રોહીબીટેડ મુદ્દામાલ સાથે અટક કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ સંભર્દે **નમાદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ સુરેશભાઈ પટેલનો ચુકાદો**

વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, જયારે પંચો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી, ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા રાદસ શકાફ નહી. વધુમાં નામદાર **સુપ્રિમકોર્ટના હેમરાજ વિરૂધ્ધ હરીયાણા રાજય, અપીલ(ક્રિમીનલ)૯૫૭/૧૯૯૮ નો ચુકાદો** વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને સ્વતંત્ર સાહેદને નહી તપાસવા માટે કોઈ ખુલાસો કરેલ ન હોય, તેમજ અન્ય કોઈ તથ્યથી ફરીયાદને સમર્થન મળતુ ન હોય, તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. હાલના કામે પણ બનાવવાળુ સ્થળ વસ્તીવાળુ સ્થળ છે અને ત્યાં સ્વતંત્ર સાહેદો મળી શકે એ સ્વાભાવિક છે, તેમ છતા તેઓના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ ફરીયાદ પક્ષના અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષના કેસને કોઈ ફળદાયી હકીકત પ્રાપ્ત થાય તેની શકયતા જણાતી નથી. આ સંદર્ભે **નામ. ગુજરાત વડી અદાલત ધ્વારા ગુજરાત રાજ્ય વિ. સુરેશભાઈ એસ. પટેલ(૨૦૧૧)૨૬ જી.એલ.એચ. ૧** માં ઠરાવેલ છે કે, “when judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on future date ”. આમ જયારે ફરીયાદના કામે મહત્વના તથા સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા ન હોય, તો માત્ર ફોરમાલીટી પુરી કરવા ખાતર અન્ય સાહેદોને તપાસવા જરૂતી જણાતુ નથી. આ કામે રજુ થયેલ પુરાવાને આધારે ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સંદતર નિષ્ફળ ગયેલ હોય, છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: : આખરી હુકમ : :–

(૧) આ કામના આરોપી ગંગાબેન કાંતુભાઈ નાયકા, રહે:–જુજવા ભાઠેલ ફળીયા, તા. જી. વલસાડનાઓ સામેના ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના ગુનામાં ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં

આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂ અપીલ સમય વિત્યે નિયમ મુજબ નિકાલ કરવો.

(૩) આરોપીના જામીન અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ– ૦૯ મી માહે ઓગસ્ટ, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૮/૨૦૨૩
વલસાડ

(પી. ડી. દવે )
બીજા એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ
વલસાડ
જજ કોડ નં.જીજે–૦૧૬૬૦